
## વડીલોને વંદન
## અભિનંદન



મોહનભાઈ કે. સીનોલ
(૧૯૪૪) મો. ૯૪૨૭૭૧૨૩૩૩


# શંકાશીલ પતિએ બે યુવકો પર છરીથી હિંસક હુમલો કર્યો

### બોરીજના યુવાને અગાઉ થયેલી બબાલના સમાધાન માટે સેક્ટર-૮ના બગીચામાં બોલાવ્યા : પત્નિના આડા સંબંધનો વહેમ રાખી બંને યુવક પર હુમલો કરી ફરાર થઈ ગયો

ગાંધીનગર, તા.૧૨

પત્ની સાથે આડા સંબંધ હોવાનો વહેમ રાખી સેક્ટર-૧૯ સ્ટાફ કવાટર્સમાં રહેતા બોરીજના યુવાનને સેક્ટર-૮ બગીચા પાસે અગાઉ થયેલી બોલાચાલીના સમાધાન માટે બોલાવી છરી ઘા ઝીંકી દીધા હતા. તેની સાથે આવેલ અન્ય એક વ્યકિતને છરી મારી બે યુવાનોને ઘાયલ કરી શંકાશીલ પતિ ફરાર થઈ ગયો હતો. સે-૭ પોલીસ મથકે શંકાશીલ પતિ સામે ગુનો દાખલ કરી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. બીજી બાજુ ઘાયલ બંને યુવાનોને સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૯ સ્ટાફ કવાટર્સ ખાતે રહેતા નરેશ તખાજી ખાંટ તેની પત્નિને બોરિજના એક શખ્સ સાથે આડ સંબંધ હોવાનો વહેમ રાખીને બેઠો હતો આ મામલે અગાઉ તે શખ્સ સાથે માથાકુટ પણ થઈ હતી. આ માથાકુટના સમાધાન માટે નરેશે બોરીજના તે શખ્સના ભાઈ વિનોદ હેમતુજી ખાંટને સે-૮ના બગીચે ગઈ કાલે બપોરના અરસામાં બોલાવ્યો હતો. વિનોદ અને અન્ય એક વ્યકિત બગીચે સમાધાન માટે પહોંચ્યા ત્યારે છરી લઈને ઉભેલા શંકાશીલ પતિ નરેશે વિનોદના ગળે અને અન્ય એક મિત્રની છાતી પર હિંસક હુમલો કર્યો હતો. લોહી લુહાણ હાલતમાં બંને ઘાયલ યુવાનોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયારે હુમલાખોર નરેશ ઘટના સ્થળેથી પલાયન થઈ ગયો હતો. વિનોદની ફરિયાદના આધારે સે-૭ પોલીસે ગુન્હો દાખલ કરી આરોપી નરેશની શોધખોળ આદરી છે.

## સ્પોર્ટસ યુનિ.માં કરાયેલ ફી વધારાને ખેંચવા માંગ

અમદાવાદ, તા.૧૨

આજ રોજ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ જતીન સોનીને એનએસયુઆઈ દ્વારા મૌખિક રજૂઆત કરવામાં આવી હતી કે, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સંલગ્ન ચાલતી ગ્રાન્ટેડ બીપીએડ કોલેજોમાં બીપીએડ સેમ-૨માં રૂપિયા ૧૫૨૫ પરીક્ષા ફી ઉઘરાવવામાં આળી રહી છે. સેમ-૧માં પણ રજૂઆત કરવામાં આળીહતી કે, બીપીએડમાં થયેલ ૧૦૦ ટકા ફી વધારો પાછો ખેંચવામાં આવે પણ કુલપતિનું પેટનું પાણી હલતું નથી. છેલ્લું વર્ષ ૨૦૧૩-૧૪માં પરીક્ષા ફી સેમેસ્ટર પ્રમાએ રૂપિયા ૭૫૦ હતી જે વધારીને રૂપિયા ૧૫૨૫ કરવામાં આવી છે. હાલમાં જ લાખો રૂપિયાનો ખર્ચ કરી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા સ્પોર્ટ્સ સમિત મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું હતું અને ઓસ્ટ્રેલિયા અને બીજી વિદેશી કંપનીઓ સાથે સ્પોર્ટ્સ ટ્રેનિંગ માટે કરારો કરવામાં આળ્યા હતા.



પાટનગરમાં અકસ્માતોની હારમાળા સર્જાવા લાગી છે. પહેલા તો 'ચ' અને 'ઘ' રોડ-પર અકસ્માતો સર્જાવાની ઘટનાઓ બનતી હતી પરંતુ હવે તો ટ્રાફિક વિનાના રોડ ઉપર પણ અકસ્માતો થવા લાગ્યા છે. ત્યારે આજે બપોરના સમયે 'છ' રોડ પર ઈનોવા કાર એકાએક પલટી ખાઈ ગઈ હતી. સદનશીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. (તસવીર : કશ્યપ નિમાવત)





## મોડાસામાં કમળાના ૧૦થી વધુ કેસ મળી આવ્યા

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં જુદી જુદી બે સોસાયટીઓમાંથી કમળાના ૧૦થી વધુ કેસ મળી આવતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે. આમાંના મોટા ભાગના દર્દીઓ મોડાસાની સાર્વજનિક તથા ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે આ કમળાનો રોગચાળો પાણીના કારણે વકર્યો હોય તેવું માનવામાં આવી રહ્યું છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા પણ તાબડતોબ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે જયારે લોકોને પણ આ રોગથી રક્ષણ મેળવવા માટે આરોગ્ય વિભાગ સલાહ સુચન કરી રહ્યું છે. અને આ રોગ વધુ ન વકરે તેના પગલા આરોગ્ય વિભાગ દ્વારા લેવાઈ રહ્યા છે.

## સાવલી અને સુબીર તાલુકા પંચાયતના નવ સભ્યો ભાજપમાંથી સસ્પેન્ડ

ગાંધીનગર, તા. ૧૨

મધ્ય ગુજરાતમાં સાવલી અને સુબીર તાલુકા પંચાયતના કુલ નવ સભ્યોને પક્ષ વિરૂદ્ધ મતદાન કરવા બદલ ભાજપ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પ્રદેશ ભાજપની એક અખબારી યાદીમાં જણાવ્યાનુસાર વડોદરાની સાવલી તાલુકા પંચાયત અને ડાંગ જીલ્લાની સુબીર તાલુકા પંચાયત અને પ્રમુખ ઉપપ્રમુખની વરણી અંગેના વ્હીપનો અનાદર કરી પાર્ટી વિરૂદ્ધ મતદાન કરવા બદલ પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુએ સાવલી તાલુકા પંચાયતના આઠ સભ્યોને તેમજ સુબીર તાલુકા પંચાયતના એક સભ્યને ભાજપના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# મોડાસાની પ્રતિષ્ઠિત સ્કૂલના વિદ્યાર્થીએ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર

(જય અમીન) મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની પ્રતિષ્ઠિત સંસ્થાની એક સ્કૂલના ધો. ૧૧માં ભણતા વિદ્યાર્થીએ ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કરતા સમગ્ર જિલ્લાના પ્રજાજનોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. સમયસર સારવાર મળતી જતાં વિદ્યાર્થીનો જીવતો બચ્યો છે પણ આ આપઘાત કરવા પાછળ ટ્યુશન ફી તો જવાબદાર નથી ને ? તેવી ચર્ચાએ શહેરમાં જોર પકડ્યું છે. આજ સ્કૂલના શિક્ષકો અગાઉ ગેરકાયદેસર ટ્યુશન કલાસીસ ચલાવવા માટે પણ જાણીતા હોવાથી ટ્યુશન ફી ના મુદ્દે અથવા અન્ય કારણ શું હશએ તે અંગે તર્ક વિતર્ક ચાલી રહ્યા છે.

મોડાસા શહેરમાં આવેલી અને શિક્ષણક્ષેત્રે પ્રસિદ્ધ સાથે ગેરકાયદેસર ટ્યુશનના વર્ગો ચલાવી લાખો રૂપિયાની ફી ઉઘરાવવા માટે જાણીતી એવી એક સ્કૂલના ધો. ૧૧માં ભણતા એક વિદ્યાર્થીએ ૨ જેટલા શિક્ષકોના ત્રાસથી કંટાળીને ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કરતા સમગ્ર શહેરમાં આ કિસ્સો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. આ વિદ્યાર્થીએ ચાલુ શાળાએ જ ઝેરી દવા ગટગટાવી લેતા અને તબીયત લથડતાં વિદ્યાર્થીને તાત્કાલિક મોડાસાની એક મોટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જો કે સમયસર સારવાર મળી રહેતા વિદ્યાર્થીનો જીવ બચી ગયો છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર આ આત્મહત્યાના મામલાને દબાવી દેવા આ શાળાના સત્તાધીશો એડીચોટીનું જોર અજમાવી રહ્યા છે. અને ઘટના બાબતે ઢાંકપીછોડો કરવા પ્રયત્નો કરી રહ્યા છે. આ વિદ્યાર્થીએ ટ્યુશન ફીના બાકી રૂપિયાના લીધે ૨ શિક્ષકો દ્વારા સતત ટોર્ચર કરવાના કારણે આત્મહત્યા કરવાના પ્રયત્નો કર્યા વગેરે પ્રશ્નોએ સમગ્ર અરવલ્લી જિલ્લામાં ચર્ચાનો કેન્દ્ર બન્યો છે. આ સમગ્ર મામલાની મોડાસા ટાઉન પોલીસ પી.આઈ. કે.જે. ચૌધરી તથા જિલ્લા શિક્ષણ અધિકારી તપાસ કરે તો આ આત્મહત્યાના સાચા કારણો જાણવા મળી શકે. અને પ્રજાજનોને આ ઘટનાની સત્ય હકિતત પણ જાણવા મળે તેવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.

# રાજ્યમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય બાયર સેલર મીટનું આયોજન

અમદાવાદ, તા.૧૨

રાજ્યના નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, ખાણ ખનીજ, કોટેજ ઈન્ડસ્ટ્રીઝ, પ્રવાસન, નાગરિક ઉડ્ડયન વિભાગના મંત્રી સૌરભ પટેલે જણાવ્યુંહતું કે, ગુજરાત રાજ્યના હાથસાળ અને હસ્તકલા ઉત્પાદનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર મળી રહે તે માટે રાજ્યમાં સૌ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય બાયર સેલર મીટનું આયોજન કરવામાં આવ્યુ છે. તેમણે જણાવ્યું હતું કે, આ ગુર્જરી-૨૦૧૫ બાયર સેલર મીટથી ગુજરાતના હસ્તકલા કારીગરોના ઉત્પાદનો વૈશ્વિક સ્તરે પહોંચશે. સૌરભ પટેલે આ ગુર્જરી ૨૦૧૫ બાયર સેલર મીટ અંગે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટી સંમેલન અને પ્રદર્શન સેન્ટર, અમદાવાદ ખાતે ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૫થી પહેલી માર્ચ ૨૦૧૫ સુધી ગુજરાતના હાથશાળ અને હસ્તકલા ઉત્પાદન માટેની પ્રથમ આવૃત્તિ આંતરરાષ્ટ્રીય ગ્રાહક વિક્રેતા પરિચય ગુર્જરી૨૦૧૫નું આયોજન કરાયું છે. મંત્રીએ જણાવ્યુંહતું કે, આ ત્રણ દિવસીય મેગા ઈવેન્ટમાં ગુજરાતના વિવિધ ભાગોમાંથી ૧૫૦ કરતા વધુ પ્રદર્શનકારો ગુજરાતના ઉત્પાદનોનું પ્રદર્શન કરશે. આ ઉત્પાદનો લગભગ ૧૦૦ આંતરરાષ્ટ્રીય અને ૩૦૦ કરતા ઘરેલૂ ખરીદકર્તાઓને નિદર્શિત કરવામાં આવશે. ખરીદકર્તાઓ અને પ્રદર્શનકારો વચ્ચે પૂર્વ નિર્ધારિત કારોબારી બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠકોથી હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રને માત્ર ઘરેલૂ બજારમાં જ કારોબાર મળશે એટલું જ નહીં, પરંતુ રૂપિયા ૨૦૦૦ કરોડ કરતા વધુના નિકાસ બજારને પણ સર કરવાની તક સાંપડશે. વિવિધ પ્રકારની હસ્તકલાઓના પ્રદર્શન માટે, કારીગરો દ્વારા જીવંત નિદર્શન સાથે અલગથી વિષય પેવેલિયન ઉભા કરવામાં આવશે. આ સંમેલન કારીગરોને વૈશ્વિક બજારના વલણો અને માંગને સમજવામાં મદદરુપ બનશે જે તેમને પોતાના ઉત્પાદોને સુધારવામાં અને તદનુસાર વ્યૂહરચના તૈયાર કરવામાં સહાયક નિવડશે. આ પ્રસંગના ભાગરુપે પેશન શો પણ આયોજિત કરવામાં આવ્યા છે જે ગુજરાતના ઉત્કૃષ્ઠ હેન્ડલુમ અને હસ્તકલાના ઉત્પાદનો દ્વારા પ્રેરિત પહેરવેશને દર્શાવશે.

## ત્રણ નાયબ કલેક્ટર, ચાર મામલતદારોની બદલી

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના ત્રણ નાયબ કલેક્ટરો અને ચાર મામલતદારોની બદલીના હૂકમો કરવામાં આવ્યા છે.

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| આઈ.આર. વાળા | ના.જિ.ચૂંટણી અ. ભૂજ | જિ.પુ.અ. ભૂજ |
| બી.કે. જોષી | પ્રાંત અધિકારી પાટણ | ના. કલેક્ટર અછત કચ્છ-ભૂજ |
| એન.વી. ઉપાધ્યાય | ના. જિ.ચૂંટણી અ. અમદાવાદ | પ્રાંત અધિકારી પાટણ |
| એ.ટી. રાઠી | મામલતદાર વાવ | મામલતદાર અંજાર |
| વી.એન. રબારી | મામલતદાર ક્વાંટ | મામલતદાર મુદ્રા |
| કે.પી. શાહ | મામલતદાર ભૂજ | મામલતદાર સરસ્વતી જિ. પાટણ |
| વી.જે. આઈયા | મામલતદાર લાઠી | મામલતદાર ભૂજ |



કાંકરેજ તાલુકાના આકોલી પે. કેન્દ્ર શાળામાં તા. ૧૨-૨-૨૦૧૫ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે આચાર્ય બિન્દેશ્વરી દેવી ઝાલાના અધ્યક્ષ સ્થાને વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.એચ.સી. સભ્યો અને વિદ્યાર્થીઓના વાલીઓ હાજર રહ્યા હતા. બાળકોના વાલીઓ સાથે આચાર્ય દ્વારા અનિયમિત બાળકો અને સતત ગેરહાજર રહેતા બાળકોની ચર્ચા કરવામાં આવી હતી. શાળામાં કુલ ૪૨૪ વિદ્યાર્થીઓની સંખ્યામાં બાળકોના ગણવેશ બદલવાની ચર્ચા કરવામાં આવી હતી. અને બાળકોના ગૃહકાર્ય તેમજ સ્વચ્છતા વિશે ભાર મુકી આચાર્ય એ વાલીઓને સમજાવ્યા હતા જેથી બાળક સ્કૂલમાં સમયસર આવે અને સમયસર ઘરે પહોંચી પોતાના આપેલા ગૃહકાર્યમાં લાગી જાય તેવી આશા બાળકોના વાલી પાસે રાખી હતી. વાલીઓએ ઉત્સાહભેર વાલી સંમેલનમાં ભાગ લઈ પોતાના બાળકોને સમજાવવા તૈયારી દાખવી હતી. આ ઉપરાંત આગામી શૈક્ષણિક પ્રવાસ વિષે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં શાળાના પૂર્વ આચાર્ય બળવંતજી દૂધેચા અને શિક્ષક મિત્રો અને વાલીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આચાર્ય બિન્દેશ્વરી દેવી ઝાલાએ કર્યું હતું. આભારવિધિ બળવંતજી દૂધેચાએ કરી હતી.

(તસવીર : આશારામ રાવલ, કાંકરેજ)

## શબ્દાવલી - ૫૬૪૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | ૭ | ■ | |
| ૮ | | ■ | ૯ | | | ■ | |
| | ■ | ૧૦ | | ■ | ■ | ૧૧ | ■ |
| ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | ૧૫ | | ■ |
| ■ | ■ | ૧૬ | ■ | ૧૭ | | ■ | ૧૮ |
| ૧૯ | | | ■ | ૨૦ | | ૨૧ | |
| | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ | |

### આડી ચાવી

૧. ખજાનો સંભાળનાર (૪)
૪. અપ્રમાણિક (૩)
૬. શમશેર, ખડગ (૪)
૮. પગલું (૨)
૯. ત્વરીત, ઝડપથી (૩)
૧૦. માથા વિનાનું શરીર (૨)
૧૨. કીર્તિ, યશ (૨)
૧૩. કુંટુંબ (૪)
૧૭. પગથિયા વાળો કૂવો (૨)
૧૯. નાશક, મોત નિપજાવે તેવું (૩)
૨૦. મુખ્ય, મૂળ સાથે (૪)
૨૨. ક્રિકેટની રમતમાં બે ખેલાડી બોલને ફટકારી સામસામા દોડે તે (૨)
૨૩. નહેર (૨)

### ઊભી ચાવી

૧. જર્જરીત, જરી પુરાણું (૫)
૨. નીચુ (૨)
૩. બાજ-સમડી, ઝડપ (૫)
૭. જમીન ખોદવાનું બાગકામનું ઓજાર (૩)
૫. એક કંદ (૩)
૭. બગીચાને ફરતી આડશ(૨)
૧૧. હથિયારની તીણી કિનારી (૨)
૧૪. રસમ, પ્રણાલી, રીત (૩)
૧૫. સમાચાર (૩)
૧૬. નોકર (૩)
૧૮. નાનકડું, છોકરું (૩)
૧૯. ખડ, યાર (૨)
૨૧. યોગી, સાધુ (૨)

### શબ્દાવલી ૫૬૪૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) કતરણ (૩) શતં (૫) તરબૂચ (૭) મહેનત (૮) રક્ષા (૯) વાચા (૧૦) ડૉક (૧૨) શાયર (૧૪) સાબૂત (૧૫) રગ (૧૬) આસન (૧૮) વરતારો

**ઊભી ચાવી :-** (૧) કળતર (૨) રહેમ (૩) શરત (૪) તંબૂ (૫) તન (૬) ચકચાર (૯) વાયરસ (૧૦) ડોસા (૧૧) કબૂતર (૧૩) ફારસ (૧૬) આરો (૧૭) નદી



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)


ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સાંસ્કૃતિક વારસા જાળવણી યોજના અંતર્ગત દીપ જ્યોત યુવા વિકાસ ટ્રસ્ટ પાલનપુર દ્વારા કાનુભાઈ મહેતા સાંસ્કૃતિક ભવન ખાતે રતિલાલ ચૌહાણ અને અશ્વિન સકસેના દિર્ગર્શિત ત્રિઅંકી નાટક ફલજી ફસાયો ફેસબુકમાં ભજવવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ મુખ્ય મહેમાનો દ્વારા કે.એન. શાહ, એન.સી. પાટડીયા, મદદનીશ ચેરીટી કમિશનર, ગણપતભાઈ જોષી, ડીરેક્ટર, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, કેશરભાઈ વાયડા, હસમુખ મોદી - નિયામક વિદ્યામંદિર, સાગર સોલંકી, પ્રમુખ દિપક ચાંદરેઠીયા, કંકુબેન પરમાર અને અશ્વિન સકસેના દ્વારા દિપ પ્રાગટ્ય કરી નાટકને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જે નાટકમાં આજના વિજ્ઞાન અને ટેકનોલોજીની શોધ મોબાઈલના ફાયદા અને ગેર ફાયદાને હળવી શૈલીમાં રજુ કરાઈ હતી. નાટકને ખુબ મોટી સફળતા મળી હતી. નાટકના અંતમાં વિદ્યામંદિર નિયામકશ્રી હસમુખ મોદી તથા સાહિત્યકાર કીશોર પટેલે નાટકની પ્રસંશા કરી કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. નાટકને સફળતા મળી હતી.

## કાંકરેજ પાંચ પરગણા બ્રહ્મસમાજના આનંદ કન્યા કેળવણી રથનું શિહોરીમાં ભવ્ય સ્વાગત

કાંકરેજ, તા. ૧૨

'વિશાળ જનમેદની વચ્ચે આનંદ રથ યાત્રા'નું કાંકરેજ તાલુકાના શિરવાડાથી તા. ૩-૨-૨૦૧૫નો મંગળવારના રોજ આનંદરથ યાત્રાનુ પ્રસ્થાન કરાયું. કાંકરેજના જુદા જુદા ગામોમાં ફરી થરા માર્કેટયાર્ડ ખાતે ચેરમેન દ્વારા સ્વાગત બાદ શિહોરીમાં ૧૨-૨-૧૫ના રોજ બ્રહ્માણી માતાજીના મંદિરે બ્રાહ્મણવાસ દ્વારા ફટાકડા ફોડી અબીલ-ગુલાલ અને ઢોલ નગારા સાથે આનંદ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્વાગતમાં વિશાળ જનમેદની સાથે બહેનો દ્વારા સામૈયા કરી આનંદરથને બ્રાહ્મણવાસ શિહોરી શ્રી બ્રહ્માણીમાતાજીના મંદિરે મોટી સભાનું આયોજન કરાયું હતુ. જેમાં વ્યસનમુક્ત યુવાન, શસક્ત સમાજ શ્રી આનંદ પ્રકાશબાપુનો સંદેશ વિગેરે ખુણે ખૂણે પહોંચાડવા બ્રહ્મસમાજ સાથે મળી બાપુના અધુરા કાર્યોને પુરા કરવા લોકોએ કટિબદ્ધતા દર્શાવી હતી.

આનંદ રથયાત્રામાં કન્યા કેળવણી તથા વ્યસનમુક્તિ અભિયાનને સાર્થક બનાવવા શ્રી પાંચ પરગણા બ્રહ્મસમાજ આનંદ યુવક મંડળ દ્વારા અથાગ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં આનંદ પ્રકાશ બાપુના અધુરા કાર્યો પુરા કરવા આનંદ યુવક મંડળ તન-મન-ધનથી બ્રહ્મસમાજમાં ખભે ખભા મિલાવી એકતાના દર્શન કરાવ્યા હતા. શ્રી બ્રાહ્મણવાસ શિહોરીના બ્રહ્મસમાજ દ્વારા આનંદ રથનું આતસબાજી કરી અબીલ ગુલાલ ઢોલનગારાથી સ્વાગત કરતા આનંદ છવાયો હતો. રાણાવાડા જાગીર ખાતે આનંદ રથયાત્રાની પૂર્ણાહૂતી કરાશે.




## વેલેન્ટાઈન-ડે સ્પેશિયલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનાથાશ્રમોમાં જઈને મીઠાઈ, કેક કે ચોકલેટ્સ વહેંચી સેવાકાર્યો કરે છે. હવે તો ગુજરાત સરકારના ટ્રાફિક પોલીસ વિભાગે પણ વેલેન્ટાઈન્સ ડે નો હવાલો આપી ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને હેલ્મેટ-સીટબેલ્ટનો ઉપયોગ કરવા અનુરોધ કરતા હોર્ડીંગ્સ ઠેર-ઠેર લગાવી દીધા છે. મોબાઈલ કંપનીઓ માટે તો આ દિવસ ઘી-કેળા સમાન હતો જ પરંતુ હવે ઓનલાઈન શોપીંગ વેબ-સાઈટ્સ પર કરોડોના ટર્નઓવર માત્ર એક વેલેન્ટાઈન્સ ડે કરી આપે છે.

જેવું દરેક તહેવારમાં થાય છે તેમ જ 'વેલેન્ટાઈન્સ ડે' માટે પણ લાગુ પડે છે, માત્ર દેખાદેખી અને લાગણીઓ વિનાના શુષ્ક રિવાજોમાં ઢસડાતા ઘણા યુગલો માટે ક્યારેક આ દિવસ બોજારૂપ પણ બની જતો હોય છે. જ્યારે અનેક હૈયાઓને ફરીથી ચોમાસાના પહેલા વરસાદે આવતી ભીની માટીની સુગંધની જેમ જીવનમાં પ્રેમથી તરબતર કરી દેવા પણ એટલી જ સક્ષમતા આ દિવસ ધરાવે છે, એટલે જ તો યુવા યુગલોનો સૌથી ફેવરીટ તહેવાર બની રહ્યો છે.

## સ્વાઈન ફ્લુનો કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અભિયાન છેડવામાં આવ્યું છે. આ માટે શું શું સાવધાની રાખવી તેને લઈ મોટા હોર્ડિંગ્સ મુકવા ઉપરાંત ગ્રામ કક્ષાએ લઘુ શિબિરો યોજી અને લોકોને રોગચાળાની જાણકારી આપવામાં આવી રહી છે.

મળતી એક બિનસત્તાવાર વિગતો પ્રમાણે જિલ્લા તંત્રને સામાન્ય ફલુથી પિડાતા ૧૦૦ જેટલા દર્દીઓ અત્યાર સુધીના સર્વેલન્સમાં મળી આવ્યા છે. જેમના પર તંત્રના અધિકારીઓ સારવારનું મોનીટરીંગ કરી રહ્યા છે.

## જામીન મંજૂર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પી.એસ.આઈ.એ રાયોટીંગનો ગુનો નોંધાવ્યો હતો. જેને લઈને બન્ને જુથના ૧૩૪ આરોપીઓની પોલીસે અટકાયત કરી સેન્ટ્રલ જેલ હવાલે મોકલી આપ્યા હતા.

એક સપ્તાહ જેટલા સમય દરમિયાન આજે ગાંધીનગર કોર્ટમાં હિયરીંગ હતુ જેમાં ૧૩૪ પૈકીના મોટા ભાગના આરોપીઓને નામદાર કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. તેમજ સાતથી આઠ જેટલા આરોપીઓ સામે ગંભીર ગુનો નોંધી જામી નામંજૂર કરવામાં આવી છે.


### જાહેર નિવિદા નં.૩ સને ૨૦૧૪-૨૦૧૫

કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર. (ટે.નં. ૨૩૨-૫૯૫૧૮) દ્વારા વીજળીકરણને લગતા ૪ (ચાર) કામોની અંદાજીત કિંમત રૂ. ૫૧૯૪૦.૪૧ થી ૧૧૦૪૧૩.૨૦ સુધીની છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૯/૨/૨૦૧૫ છે. અને પરત મેળવવાની છેલ્લી તા. ૨૬/૨/૨૦૧૫ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૪૦૩/૨૦૧૪-૧૫